
# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૯/૦૨/૨૦૨૬ થી તા.૧૫/૦૨/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in



**મેષ (અ,લ,ઈ):-** ચાલુ વીકમાં ઘરમાં નવા ફેરફારની શક્યતા. ઉંમરલાયકના વિવાહની શક્યતા રહે. સામાજિક સમસ્યાનું સમાધાન થાય. રોજના કામમાં અનુકૂળતા રહે. સરકારી કામ, વીમા, એજન્સી અને વીલ, વારસા બાબતે અનુકૂળ રહે. ધાર્મિક પ્રવાસ, આધ્યાત્મક પ્રવૃત્તિ અને સાહિત્ય, કાયદા અને વિદેશને લગતા કામમાં પ્રગતિ થાય. નોકરીમાં પ્રગતિ અને ધંધામાં નવી યોજના બને. વડીલોનો સાથ મળે.



**વૃષભ (બ,વ,ઉ):-** સપ્તાહની શરૂઆત શુભ સમાચારથી થાય. નવી નોકરીની તક અચાનક મળે. સરકારી નોકરિયાતે લોભ લાલચથી દૂર રહેવું. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનાં કામમાં મદદ મળે. ઉચ્ચ કક્ષાનાં લોકોની મુલાકાત થાય. ધાર્મિક સાહિત્યને લગતાં કામમાં લાભ થાય. સમાજમાં યશ મળે. આવક વધારવાની તક મળે. જીવનસાથીના કામમાં પ્રગતિ.



**મિથુન (ક,છ,ઘ):-** સપ્તાહ નવી ભાગીદારી અને નવા ધંધાની શરૂઆત માટે અનુકૂળ રહેશે. અચાનક સફળતા મળે. આવક વધે. તમારી બુદ્ધિપ્રભાની કદર થાય. નવી જવાબદારીથી પ્રભાવ વધે. પડવા-વાગવા અને આગ તથા ચોર લૂંટારુથી સાવધાન. વાણી પર કાબૂ રાખવો. નવા સંબંધો વિકસિત થાય. કોઈની વાતોમાં આવીને નિર્ણય બદલવા નહીં. શુભ સમાચાર મળે.



**કર્ક (ડ,હ):-** ચાલુ વીકમાં જૂનાં દર્દો- જૂની બીમારીનો નિકાલ થાય. યોગ્ય નિદાનથી રાહત થાય. ખર્ચા વધે. નોકરીમાં જવાબદારી વધશે. સહકર્મીઓને મદદરૂપ બનશો. નોકરીમાં નવી તક ઊભી થાય. ભાગીદારીની નવી યોજનામાં પ્રગતિ થાય. પારિવારિક ધંધામાં લાભ થાય. ઉંમરલાયકના વિવાહમાં વિઘ્નો આવે. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. ખર્ચા વધશે.



**સિંહ (મ,ટ):-** સપ્તાહ મિત્રો અને જીવનસાથી સાથે સંતાનોના કામમાં પ્રગતિ થાય. આર્થિક બાબતે નવી તક મળે. રોકાણથી લાભ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નોકરીમાં મદદ મળે. પડવા-વાગવાથી સાવધાન. વિજાતિય મિત્રોથી સાવધાન રહેવું. દાંપત્યજીવનમાં તાલમેળ રાખવો. રોજના કામમાં બોજ વધશે. નવા ધંધાની શરૂઆત થાય. સરકારી નોકરિયાતની જવાબદારી વધે.



**કન્યા (પ,ઠ,ણ):-** સપ્તાહ પ્રોર્પટી તથા જમીન, મકાન, વાહન, ખરીદવા માટે અનુકૂળ છે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી રાહત થાય. નવા રોકાણમાં કોઈની વાતોમાં આવવું નહીં. અચાનક તક મળશે. નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. પ્રેમમાં ગેરસમજથી વિવાહ થાય. સરકારી કામમાં ખાવા-પીવામાં ધ્યાન રાખવું અને લેવડદેવડમાં સાવધાન રહેવું. અચાનક નવી તકથી આર્થિક લાભ થાય.



**તુલા (ર,ત):-** સપ્તાહ દરમિયાન ઘર અને ઓફિસમાં પ્રભાવ વધશે. નવાં ધંધા-નોકરી માટે નવા ક્રિએટીવ વિચાર ઉપયોગી બનશે. અચાનક આવક વધશે. સાહસિક નિર્ણય લેવાનું બનશે. ઘરમાં નવા ફેરફાર થાય. વડીલોની મદદ મળે. વાહન માટે યોજના પાર પડશે. જમીન, ખેતી, મિલકત બાબતે અનુકૂળતા વધશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નોકરીમાં પ્રમોશન મળે. ભાગીદારીની યોજના બને.




**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીકમાં આર્થિક લાભ થાય. વારસામાં ધંધા અને વાણી કે માર્કેટીંગને લગતા ધંધામાં સફળતા મળે. તમારા વિચારોને અનુમોદન મળે. અચાનક નવા ધંધામાં સોદા પાર પડે અને નોકરીમાં પ્રગતિથી યશ વધશે. વિદ્યાર્થીઓને મદદ મળે. પ્રવાસ, શિક્ષણ, ટ્યુશન અને દલાલીના કામમાં આવક વધે. બહારના કામનો બોજ રહે. પ્રેમમાં ગેરસમજ પેદા થાય.



**ધન (ભ,ધ,ફ,ઢ):-** ચાલુ વીકમાં અટકેલા કામમાં ગતિ આવે તેમજ તમારા નવા આધુનિક વિચારોને સમર્થન મળે. ટેકનોલોજી, પ્રવાસ, સમાજ, શિક્ષણને લગતાં કામ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ઘરમાં અશાંતિ રહે. ખર્ચા વધશે. બુદ્ધિ અને વ્યવહારકુશળતાથી સફળતા મળે. મિત્રો, ભાઈ, બહેન વગેરેને મદદરૂપ બનશો. વારસા, જમીનનાં કામમાં પ્રગતિ.



**મકર (ખ,જ):-** સપ્તાહ જવાબદારી અને નવી યોજના માટે અનુકૂળ રહે. અચાનક પ્રવાસમાં મિલન થાય. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. વિદેશના કામમાં મદદ મળે. વિદ્યાર્થીઓને મદદ મળે. પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. સામાજિક કામની ચિંતા રહે. નોકરી-ધંધા માટે નવી યોજના બને. ઉઘરાણીની ચિંતા રહે. આવક વધારવાની યોજનામાં પરિવારનો સાથ મળે.



**કુંભ (ગ,સ,શ,ષ):-** તમારા નવા વિચાર ઈમાનદારી અને સંબંધોને મહત્ત્વ દેવાની આદત નવી દિશા ખોલશે. વિદ્યાર્થીઓ માટે અનુકૂળ દિવસ રહે. નવાં લોકોથી લાભ થાય. પ્રેમમાં સાથ મળે. પ્રવાસમાં સાવધાન રહેવું. કોર્ટ-કચેરી, પોલીસ લફરાંથી સાવધાન. કોઈને મદદ કરતાં વિચારવું. વિશ્વાસઘાત થઈ શકે છે. સમાજમાં યશ મળે. નવી નોકરીની તક મળે. આર્થિક બાબતે ચોક્કસ બનશો. આવક વધે.



**મીન (દ,ચ,ઝ,થ):-** સપ્તાહ નવાં ઘર, ઓફિસ, ખરીદવાની યોજના માટે અનુકૂળ રહેશે. ધંધામાં નવા સોદા પાર પડે. નોકરીમાં પ્રમોશન થાય. વિદ્યાર્થીઓને મદદ મળે છતાં અશાંતિ રહે. વિવાદથી દૂર રહેવું. પ્રેમમાં ગેરસમજ થાય. શેરબજારના કામમાં ધીરજ રાખવી. યાત્રા-પ્રવાસના ધંધા-ધાર્મિક યાત્રાને લગતા કામમાં પ્રગતિ થાય. સમાજજીવનમાં યશ મળે. નવાં લોકોથી નવું શીખવા મળે.

# રાજકોટની 3 કરોડની ચાંદીની ચોરીમાં મુખ્ય આરોપી ઝડપાયો

**ચાંદી** મહેસાણા વેચાણ માટે લઈ જતાં ઝડપાયો, 40 કિલો ચાંદી કબજે એકથી વધુ

**આરોપીઓની** સંડોવણીની શક્યતા, સુરત-વડોદરા સહિત તપાસ

### અન્ય કિંમતી ધાતુની ચોરી પણ બહાર આવી શકે

ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારીઓનું માનવું છે કે આરોપીની પૂછપરછ દરમિયાન માત્ર આ ચોરી નહીં, પરંતુ અન્ય ચાંદી અથવા કિંમતી ધાતુની ચોરીના કેસોના પણ ખુલાસા થઈ શકે છે. કેસની તપાસ વધુ વેગ પકડી રહી છે અને આગામી દિવસોમાં વધુ ધરપકડ થવાની શક્યતા નકારી શકાતી નથી.

અમદાવાદઃ રાજકોટમાં થયેલી અંદાજે રૂ. 3 કરોડની ચાંદી ચોરીના કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. રાજ્યભરમાં ચર્ચાનો વિષય બનેલા આ હાઈ-પ્રોફાઈલ ચોરી કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ઝડપી અને ચોક્કસ કાર્યવાહી કરી 40 કિલો ચાંદી કબજે કરી છે, જ્યારે મુખ્ય આરોપી પ્રદીપ ચંપાલાલ પ્રજાપતિની ધરપકડ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ રાજકોટમાંથી મોટા પ્રમાણમાં ચાંદીની ચોરી કરવામાં આવી હતી. ચોરી બાદ આરોપીઓ ચાંદી વેચવા માટે અલગ-અલગ શહેરોમાં ફરાર થયા હતા. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કેસની તપાસ હાથ ધરી હતી. દરમિયાનમાં ગુપ્ત માહિતીના આધારે ચોરી કરાયેલ ચાંદી મહેસાણા તરફ વેચાણ માટે લઈ જવામાં આવી રહી હોવાનું ખુલ્યું હતું. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે તાત્કાલિક કાર્યવાહી કરી અને મહેસાણા નજીકથી 40 કિલો ચાંદી કબજે કરી હતી. ઓપરેશન દરમિયાન મુખ્ય આરોપી પ્રદીપ પ્રજાપતિને ઝડપી લેવામાં આવ્યો છે. આરોપીની ધરપકડ બાદ પોલીસને ચોરીના સમગ્ર નેટવર્ક અંગે મહત્ત્વપૂર્ણ કડીઓ મળવાની શક્યતા છે.

પોલીસ તપાસમાં એવી હકીકત બહાર આવી છે કે આ ચોરી કોઈ તાત્કાલિક નિર્ણય નહીં પરંતુ પૂર્વઆયોજિત કાવતરા સાથે કરવામાં આવી હતી. ચોરીમાં એકથી વધુ આરોપીઓ સામેલ હોવાની મજબૂત શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ એક અન્ય આરોપી કમલેશ પ્રજાપતિ ફરાર હોવાનું જાણવા મળ્યું છે. તેને પકડવા માટે સુરત, વડોદરા સહિતના વિસ્તારોમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમો દ્વારા સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# સૂર્ય રાહુ યુતિ

સામાન્ય રીતે સૂર્ય રાહુની યુતિને અશુભ માનવામાં આવે છે. પરંતુ વર્ષોના અનુભવ પછી એવું ધ્યાનમાં આવ્યું છે કે આ યુતિ જાતકમાં એક અલગ પ્રકારની વિચારસરણી, સામે પ્રવાહ તરવાની વૃત્તિ, નવા આધુનિક વિચાર, ચાલુ પરંપરાનો સખત વિરોધ અને પોતાની ક્ષમતા પ્રમાણે લોકોમાં એક જાતની ભૂખ કે ક્ષુધા પેદા કરીને કંઈક નવું હાંસલ કરવાની શક્તિ આપે છે. મોટા ભાગે આ યુતિવાળાં જાતકો ઉચ્ચ પદ પ્રાપ્ત કરે છે. જો કે તેમને હંમેશા નવા નવા સંઘર્ષ અને વિપરીત પરિસ્થિતિમાંથી પસાર થવાનું બને છે. મોટા ભાગે પોતાની જાત મહેનતથી સફળતા મેળવે છે. કોઈના અંકુશમાં રહી શકતા નથી અને શિસ્તબધ્ધ અને નિયમિત હોવાથી હાથમાં લીધેલ કામ અધૂરું છોડતા નથી. જો કુંડલીમાં પ્રથમ, ત્રીજા, પાંચમા, દસમા અને અગિયારમા સ્થાનમાં આ યોગ થાય તો ઉચ્ચ શિક્ષણના કારણે પ્રશાસનિક અધિકારી જેવું પદ પ્રાપ્ત કરે છે અને રાજકારણમાં સફળતા મેળવે છે. સૂર્ય-રાહુ વાળાં જાતકનો આત્મવિશ્વાસ અદભુત હોય છે. એક વખત ધ્યેય નક્કી કર્યા પછી પાછું જોતાં નથી. જો કે તેમનો સ્વભાવ અને પ્રકૃતિ સ્વાર્થી અને બીજાને ન ગમે તેવો વ્યવહાર હોય છે. જો સૂર્યના અંશ રાહુની વધારે હોય તો તો ઉપર પ્રમાણેની સ્થિતિ જોવા મળે જ છે. પણ જો સૂર્ય કરતાં રાહુના અંશ વધુ હોય તો વિપરીત ફળ જોવા મળે છે. ખાસ કરીને વિવાહિત જીવન, વારસાની બાબત, પરિવારના સુખની બાબત અને વ્યસન જેવા દુર્ગુણો પણ જોવા મળે છે. આ બંને ગ્રહોની યુતિ-તેમના નક્ષત્ર પર ખાસ આધાર રાખે છે. મોટા ભાગે સૂર્ય-રાહુની યુતિ જ્યારે અંશાત્મક રીતે નજીક આવે છે ત્યારે એક બીજાના ગુણો સ્વભાવ, પ્રકૃતિ, શક્તિ અને વ્યવહારને આત્મસાત કરવાની પૂરી કોશિશ કરે છે. જો અંશાત્મક યુતિ-પ્રતિયુતિ હોય ત્યારે જાતકના જીવનમાં જબરજસ્ત સંઘર્ષ, પરિવર્તન, ઊર્જા અને ગમે તેવી વિપરીત પરિસ્થિતિનો સામનો કરીને પરિવાર, સમાજ, રીત રિવાજ વગેરેની વિરુધ્ધ જઈને પોતાની પહેચાન કે ઓળખ ઊભી કરે છે પણ કાયમ અપમાનિત સ્થિતિનો સામનો કરવો પડે છે અને એકલા પડી જવાનું પણ બને છે. માનસિક અને શારીરિક તકલીફોના ભોગ પણ બનવાનું થાય છે. હૃદય, બ્લડપ્રેશર, કમર, હાડકાં, આંખ-દાંત, ગુપ્તાંગ, વગેરેની સમસ્યાનો સામનો કરવો પડે છે. સૂર્ય-રાહુની યુતિવાળાં જાતકો હંમેશા અસંતુષ્ટ રહે છે. ઉચ્ચ પદ, ઉચ્ચ લક્ષ્ય અને સાંસારિક ઉપલબ્ધિઓ પ્રાપ્ત પછી પણ સંતોષ નહીં થાય. પિતા સાથે કાયમ સંઘર્ષ અને લડાઈ રહે છે. નોકરીમાં ઉપરી વર્ગ અને સહકર્મીઓ સાથે તાલમેળ ન રહેવાથી એકલા અને અપમાનિત રહે છે. સૂર્ય-પિતા, અધિકાર, આક્રમકતા અને આત્માનો કારક છે જ્યારે રાહુ ભૌતિક સુખ અને સમૃદ્ધિ તેમજ દરેક બાબતમાં ભ્રમિત રાખવાની સ્થિતિનો કારક છે. અંશાત્મક યુતિ આત્માને દૂષિત કરે છે અને જો બીજા, ચોથા, સાતમા, આઠમા ભાવમાં આ યુતિ કે પ્રતિયુતિનો સંબંધ હોય તો વિરોધાભાસી સ્થિતિનું નિર્માણ થાય છે અને ઈમાનદારી અને છળકપટનો ટકરાવ જોવા મળે છે અને બહારથી અને અંદરથી અલગ-અલગ વ્યક્તિત્વ જોવા મળે છે. મોટા ભાગે રાજકારણ સાથે જોડાયેલ જાતકોમાં આ ગુણ જોવા મળે છે. બેવડું વ્યક્તિત્વ ખાસ ધ્યાન ખેંચે છે. રાહુ-સૂર્યની અંશાત્મક યુતિ-પ્રતિયુતિવાળાં જાતકો છેતરપિંડી કરવામાં ઉસ્તાદ હોય છે અને છતાં લોકો તેમના પર વિશ્વાસ રાખતા હોય છે. આજના વાતાવરણમાં આ ખાસ જોવા મળે છે. ખાસ કરીને જાહેર જીવન અને દેશ તથા જનતાના હિતની વાત કરનાર રાજનેતા કે અન્ય ઉચ્ચ પદ ધરાવનાર જાતકોનું વ્યક્તિત્વ વિરોધાભાસી હોય જ છે. જો આ યુતિ-પ્રતિયુતિમાં સૂર્યના અંશ વધારે હોય તો રચનાત્મક ક્ષેત્રમાં સારી સફળતા આપે છે. ઘણા રાજનેતાઓની કુંડલીમાં આ જોવા મળે છે. જે સાચા અર્થમાં પ્રજાના દિલમાં સ્થાન પ્રાપ્ત કરે છે. સૂર્યના અંશ વધુવાળાં જાતકોમાં અપાર આત્મવિશ્વાસ હોય છે. રાજનીતિ, ઉદ્યોગ, જાહેર જીવન અને સાધુ જીવનમાં આ યુતિ મદદરૂપ બને છે. શરત રાહુથી સૂર્ય આગળ હોવો જોઈએ અને મિત્ર કે સ્વનક્ષત્રમાં બંને હોવા જોઈએ. આવી યુતિ-પ્રતિયુતિમાં સૂર્યની પ્રધાનતા કે પ્રભાવ ખાસ જોવા મળે છે. આવાં જાતકો અહંકાર અને પ્રશંસા પર કાબૂ રાખી શકે છે. ગમે તેવી બગડતી પરિસ્થિતિને સંભાળવાની ક્ષમતા તેમનામાં હોય છે. પણ જો રાહુની પ્રબળતા હોય તો જૂઠ અને અહંકાર પર કાબૂ રાખી શકતા નથી. વડીલોમાં પિતા વગેરેનું અપમાન કરતાં અચકાતા નથી અને આત્મવિશ્વાસની કમી જોવા મળે છે. પ્રથમ ભાવમાં હોય તો નિષ્ફળતા, સ્વાર્થીપણું, આત્મવિશ્વાસનો અભાવ અને પદનો દુરુપયોગ બીજા ભાવમાં બીજા સાથે સંવાદ કે વ્યવહારમાં તોછડાપણું, વાણીદોષ, આર્થિક ભીંસ, ત્રીજા ભાવમાં ભાઈ બહેનો સાથે અણબનાવ પણ વિરોધીઓ પર વિજય મળે. ચોથા ભાવમાં પારિવારિક સંબંધો અને કાર્યક્ષેત્રે સમસ્યા પણ સારા મિત્રો વગેરેથી આર્થિક લાભ કરાવે. પાંચમા ભાવમાં શેર, સટ્ટા, લોટરીમાં રુચિ અને લાભ પણ કરાવે અને ભ્રમ પેદા કરીને નુકસાન પણ કરાવે. સંતાન સમસ્યા પેદા, છઠ્ઠા ભાવમાં આરોગ્યની અચાનક સમસ્યા પણ હરીફોની હાર થાય. વિદેશ પ્રવાસ કરાવે. સાતમા ભાવમાં ભાગીદારી અને દાંપત્યજીવન માટે પ્રતિકૂળ રહે. આઠમા ભાવમાં સટ્ટામાં નુકસાન, નોકરી-ધંધામાં પરેશાની પણ વારસાથી લાભ. નવમા ભાવમાં સ્વાર્થી રીતે સફળતા પણ માનસિક ત્રાસ વધારશે. દસમા ભાવમાં અચાનક સફળતા પણ આરોગ્ય અને આર્થિક બાબતે ચિંતા કરાવે. અગિયારમા ભાવે અચાનક લાભ કે હાનિ કરાવે. શેરબજારથી લાભ. બારમાનો વિશ્વાસઘાત અને લાંબી મુસાફરીમાં આરોગ્યની તકલીફ વધારશે.

# રાજ્યમાં બુધવારથી તાપમાનનો પારો ઉપર ચઢશે

**દક્ષિણ** અને સૌરાષ્ટ્રમાં સૂકી ગરમી વધશે, તાપમાન વધીને 33થી 36 ડિગ્રી પહોંચી શકે

ગાંધીનગરઃ આજે રાજ્યમાં ઠંડીનો પારો ઘટ્યો છે અને બપોરે થોડી ગરમ હવા અનુભવાઈ રહી છે. ગુજરાતમાં વસંતઋતુના આરંભ સાથે હવામાનમાં સામાન્ય ફેરફારો જોવા મળી રહ્યા છે. 8 થી 12 ફેબ્રુઆરી દરમિયાન રાજ્યમાં તાપમાનમાં સ્પષ્ટ ઉતાર-ચઢાવ નોંધાશે. પશ્ચિમ દિશામાંથી ફૂંકાતી ઠંડી હવાઓના કારણે મંગળવાર સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં દિવસનું તાપમાન આનંદદાયક રહેશે, જ્યારે રાત્રિનું તાપમાન નીચલા સ્તરે નોંધાઈ રહ્યું છે.

આજે કચ્છના નલિયામાં ન્યૂનતમ તાપમાન 12 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે રાજ્યમાં સૌથી ઓછી ઠંડી દર્શાવે છે. ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારોમાં વહેલી સવાર અને રાત્રીના સમયે ઠંડીનો અનુભવ યથાવત રહ્યો છે. હવામાન નિષ્ણાતોના અનુમાન મુજબ, મંગળવાર સુધી રાજ્યમાં ઠંડી પશ્ચિમી પવનોના કારણે દિવસનું મહત્તમ તાપમાન 29 થી 31 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેશે, જ્યારે ન્યૂનતમ તાપમાન 14 થી 16 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની શક્યતા છે. આ સમયગાળો હવામાનની દૃષ્ટિએ આરામદાયક રહેશે.

બુધવારથી હવામાનમાં નોંધપાત્ર ફેરફાર થવાની શક્યતા છે. દક્ષિણ અને મધ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં મહત્તમ તાપમાન વધીને 33 થી 36 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. આ દરમિયાન સૂકી ગરમીનો અનુભવ થશે. સાથે જ, રાત્રિના ન્યૂનતમ તાપમાનમાં પણ વધારો થઈ 18થી 21 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, રાજ્યમાં આજે અન્ય શહેરો પૈકી ભૂજમાં 17 ડિ.સે., નલિયામાં 12 ડિ.સે., કંડલા પોર્ટ પર 16 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 13 ડિ.સે., અમરેલીમાં 16 ડિ.સે., ભાવનગરમાં 17 ડિ.સે., પોરબંદરમાં 15 ડિ.સે., રાજકોટમાં 17 ડિ.સે., સુરેન્દ્રનગરમા 17 ડિ.સે., મહુવામાં 17 ડિ.સે., કેશોદમાં 16 ડિ.સે., અમદાવાદમાં 16 ડિ.સે., ડીસામાં 13 ડિ.સે., ગાંધીનગરમાં 15 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 17 ડિ.સે., વડોદરામાં 17 ડિ.સે., સુરતમાં 18 ડિ.સે. અને દમણમાં 19 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

# રાજકોટમાં 'હું નથુરામ ગોડસે' નાટક સામે કોંગ્રેસનો ઉગ્ર વિરોધ

**હેમુ** ગઢવી હોલમાં તોડફોડ, પોસ્ટર ફાડ્યા, પોલીસે કાર્યકરોની અટકાયત કરી

**નાટકમાં** કોઈ વ્યક્તિને મહાન કે નીચા બતાવવાનો પ્રયાસ કરાયો નથીઃ નિર્માતા




ગાંધીનગરઃ રાજકોટ શહેરમાં રાજકીય તનાવ જોવા મળ્યો છે, ખાસ કરીને જ્યારે હેમુ ગઢવી હોલ ખાતે યોજનારા 'હું નથુરામ ગોડસે' નાટકના શો પહેલાં જ કોંગ્રેસ અને NSUIના કાર્યકરો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો. નાટક શરૂ થાય તે પહેલાં જ કાર્યકરો હોલમાં ઘૂસી આવ્યા અને સ્ટેજ પર તોડફોડ કરતા સમગ્ર વાતાવરણ ગરમાઈ ગયું.

કોંગ્રેસના કાર્યકરોનો આક્ષેપ છે કે આ નાટક મારફતે મહાત્મા ગાંધીજીના હત્યારા નથુરામ ગોડસેને "હીરો" તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. વિરોધ દરમિયાન કાર્યકરોએ નાટકના પોસ્ટરો ફાડી નાખ્યા, ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા અને કાર્યક્રમ રદ કરવાની માગ સાથે હલ્લાબોલ કર્યો હતો. પરિસ્થિતિ બેકાબૂ બનતા પોલીસની ટીમ તાત્કાલિક હેમુ ગઢવી હોલ ખાતે પહોંચી હતી. પોલીસે સ્થિતિ સંભાળીને કેટલાક કાર્યકરોની અટકાયત કરી હતી. ઘટનાને કારણે નાટકનો શો રદ કરવાની ફરજ પડી હોવાનું જાણવા મળ્યું છે.

આ સમગ્ર મામલે નાટકના નિર્માતા સેજલ પેન્ટરે કોંગ્રેસના વિરોધ પર પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, "જે લોકો પોતાને ગાંધીવાદી ગણાવે છે તેઓ હિંસાનો માર્ગ કેમ અપનાવી રહ્યા છે?" તેમણે કહ્યું હતું કે નાટક જોયા વગર વિરોધ કરવામાં આવી રહ્યો છે અને તેમાં કોઈ વ્યક્તિને મહાન કે નીચા બતાવવાનો પ્રયાસ કરાયો નથી. તેમના જણાવ્યા મુજબ, નાટક માત્ર નાટ્યાત્મક દ્રષ્ટિકોણથી તૈયાર કરવામાં આવ્યું છે.

કોંગ્રેસ તરફથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તેઓ ગાંધીજીના અપમાન અને નથુરામ ગોડસેના મહિમામંડન સામે કોઈપણ રીતે મૌન નહીં રહે. કોંગ્રેસનો દાવો છે કે ગુજરાતમાં ક્યાંય પણ આ નાટકનું પ્રદર્શન થવા દેવામાં નહીં આવે અને આવતીકાલે જામનગર તથા અમદાવાદમાં પણ વિરોધ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે આ નાટક અગાઉ વડોદરા અને ભાવનગરમાં યોજાઈ ચૂક્યું છે, પરંતુ રાજકોટમાં ઉગ્ર વિરોધના કારણે શો રદ કરવો પડ્યો. આવતીકાલે જામનગરમાં નાટકના આયોજનને લઈને પણ તણાવની સ્થિતિ સર્જાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજકોટની આ ઘટના બાદ એક તરફ અભિવ્યક્તિ સ્વતંત્રતા અને બીજી તરફ ગાંધી વિચારધારાના અપમાનનો મુદ્દો ફરી એકવાર રાજકીય કેન્દ્રમાં આવી ગયો છે. આગામી દિવસોમાં આ વિવાદ રાજ્યવ્યાપી સ્વરૂપ ધારણ કરે તેવી શક્યતા નકારી શકાતી નથી.





# આહવા-વઘઈ માર્ગ પર એસટી બસ સાથેના અકસ્માતમાં બાઈક સવારનું મોત

**બાઈક** ચાલક જોખમી વળાંક પર રોંગ સાઈડમાં વાહન હંકારતા સામેથી આવતી એસટી સાથે અથડાયો

સાપુતારા : પ્રકૃતિના ખોળે વસેલા ડાંગ જિલ્લાના મુખ્ય માર્ગો પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. શનિવારે રાત્રે આહવા-વઘઈ સ્ટેટ હાઈવે પર નડગખાદી ગામ પાસે અકસ્માતમાં એસટી બસ અને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં 41 વર્ષીય બાઈક સવારનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શનિવારે રાત્રે આશરે 9 વાગ્યાના અરસામાં આહવા ડેપોની આહવા-અમદાવાદ રૂટની એસટી બસ (નંબરઃ GJ 18 ZT 2454) પેસેન્જરો ભરીને પોતાના નિર્ધારિત રૂટ પર જઈ રહી હતી. તે જ સમયે, વઘઈથી આહવા તરફ આવી રહેલી બાઈક (નંબરઃ GJ 19 AL 5603) નડગખાદી ગામ પાસે આવેલા જોખમી વળાંક પર પહોંચી હતી. બાઈક ચાલક વળાંક પર પોતાની સાઈડ છોડીને ખોટી દિશામાં (રોંગ સાઈડમાં) વાહન હંકારી રહ્યો હતો. વળાંક હોવાને કારણે સામેથી આવતી એસટી બસના ડ્રાઈવરને બચવાનો મોકો મળ્યો ન હતો અને બાઈક સીધી બસના આગળના ભાગે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ અકસ્માતમાં બાઈક સવાર રામચંદ્રભાઈ નવસુભાઈ બાગુલ (ઉંમર 41 વર્ષ, રહે, આહવા, મોરઝીરા)ને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતુ. અકસ્માતને પગલે હાઈવે પર થોડો સમય ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો તુરંત સ્થળ પર પહોંચી ગયો હતો. વઘઈ પોલીસે મૃતદેહનો કબજો મેળવી પંચનામું કરી તેને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. હાલમાં પોલીસે એસટી બસ અને બાઈકને સાઈડ પર ખસેડી વધુ કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# હવે મોબાઈલ પર ખેતીઃ હાંસાપોરના ખેડૂતની સ્માર્ટ ક્રાંતિ

**ખેતરમાં** વેધર સ્ટેશનથી હવામાનની મળતી સચોટ માહિતી

**પાણી**, ખાતર, મજૂરીમાં બચત સાથે ઉત્પાદન અને આવકમાં વધારો



નવસારીઃ ગ્લોબલ વોર્મિંગ અને અનિશ્ચિત હવામાનના વધતા પ્રભાવ વચ્ચે નવસારીના જલાલપોર તાલુકાના હાંસાપોર ગામના પ્રગતિશીલ ખેડૂત પરિમલભાઈ દેસાઈએ ટેકનોલોજીની મદદથી ખેતીમાં નવી દિશા આપી છે. અંદાજ અને અનુભવ પર આધારિત પરંપરાગત ખેતીને બદલે તેમણે પોતાના ખેતરમાં આધુનિક સેન્સર આધારિત વેધર સ્ટેશન સ્થાપિત કરીને 'સ્માર્ટ ખેતી'નો સફળ પ્રયોગ શરૂ કર્યો છે.

છેલ્લા કેટલાક વર્ષોથી દિવસ-રાતના તાપમાનમાં મોટો ફેરફાર, ભેજનું અસંતુલન અને અચાનક બદલાતા હવામાનને કારણે પાકના વિકાસ અને ઉત્પાદન પર અસર પડી રહી હતી. આવી પરિસ્થિતિમાં યોગ્ય સમયે સિંચાઈ, ખાતર અને દવા અંગેનો નિર્ણય લેવો મુશ્કેલ બનતો હતો. આ સમસ્યાનો કાયમી ઉકેલ તરીકે ખેડૂતે અંદાજે રૂ.૬૦,૦૦૦ના ખર્ચે આધુનિક વેધર સ્ટેશન સ્થાપિત કર્યું છે, જે ખેતર આસપાસના વિસ્તારની હવામાન સંબંધિત સચોટ માહિતી સતત ઉપલબ્ધ કરાવે છે.

આ સિસ્ટમ મોબાઈલ એપ સાથે જોડાયેલી હોવાથી ગુજરાતીમાં જ માર્ગદર્શન મળે છે. ક્યારે અને કેટલું પાણી આપવું, કયા સમયે ખાતર કે દવા આપવી તેમજ રોગ-જીવાતના સંભવિત ખતરા અંગે અગાઉથી ચેતવણી મળતાં ખેતીનું આયોજન વધુ વૈજ્ઞાનિક બન્યું છે. પરિણામે પાણી, ખાતર અને મજૂરીમાં નોંધપાત્ર બચત થઈ છે અને પાકની ગુણવત્તા સાથે ઉત્પાદન પણ વધ્યું છે.

બાગાયતી પાકોમાં સમયસર સંભાળ મળતા બજારમાં વધુ સારો ભાવ મળી રહ્યો છે. કૃષિ નિષ્ણાતોના જણાવ્યા મુજબ હવામાન આધારિત ખેતી ભવિષ્યમાં કૃષિ ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. સરકારની સહાય યોજનાઓના કારણે આ પ્રકારની ટેકનોલોજી હવે ખેડૂતો માટે વધુ સરળ બની રહી છે અને હાંસાપોરનો આ પ્રયોગ આસપાસના ખેડૂતો માટે પ્રેરણાસ્ત્રોત બન્યો છે. કુદરતી અનિશ્ચિતતા વચ્ચે હવે એક વાત સ્પષ્ટ બની રહી છે કે આધુનિક ટેકનોલોજી જ ખેતીનું ભવિષ્ય છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### પાકિસ્તાન ગાઝા...

માટે આમંત્રિત કર્યા હતા. અમેરિકન મીડિયાએ શનિવારે અહેવાલ આપ્યો હતો કે, અમેરિકાએ શુક્રવારે 19 ફેબ્રુઆરીના કાર્યક્રમ માટે આમંત્રણો મોકલ્યા છે. સીએનએન અનુસાર, આ સંમેલન વોશિંગ્ટનમાં 'યુએસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પીસ' ખાતે યોજાય તેવી શક્યતા છે.રવિવારે, 'ડૉન' અખબારે વોશિંગ્ટનમાં રાજદ્વારી સ્ત્રોતોને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે, ઈસ્લામાબાદને આ આમંત્રણ તે દેશો સુધી પહોંચવાના ભાગરૂપે મળ્યું છે જેઓ પહેલેથી જ બોર્ડમાં જોડાઈ ચૂક્યા છે. એક રાજદ્વારી સ્ત્રોતે જણાવ્યું હતું કે, ''આ બેઠક બોર્ડને આકાર અને માળખું આપવા માટેની એક મહત્ત્વપૂર્ણ બેઠક હશે.''

### ગૌરવ ગોગોઇ...

સાથે કામ કરવા માટે ભારત સરકારની અવગણના કરી હતી અને આની તપાસ આસામ પોલીસ દ્વારા થઈ શકે તેમ નથી. તેથી અમે ગૃહ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય તપાસની ભલામણ કરી છે, એમ તેમણે ઉમેર્યું. સરમાએ દાવો કર્યો હતો કે કોલબર્ને શેખ દ્વારા ચલાવવામાં આવતી સંસ્થા 'LEAD પાકિસ્તાન' સાથે કામ કર્યું હતું અને ત્યારબાદ તે જ જૂથ સાથે કામ કરવા માટે ભારત સ્થાનાંતરિત થઈ હતી. તેમણે કહ્યું, પરંતુ તેનો પગાર શેખ દ્વારા ચૂકવવાનું ચાલુ રાખવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ આરોપ લગાવ્યો હતો કે LEAD પાકિસ્તાને LEAD ઈન્ડિયાને નાણાં મોકલ્યા હતા અને બાદમાં તેણે FCRA નિયમોને બાજુ પર રાખીને કોલબર્નને ચૂકવણી કરી હતી. ગોગોઈએ તે પત્રકાર પરિષદને (જ્યાં શર્માએ આક્ષેપો કર્યા હતા) C-ગ્રેડ સિનેમા કરતાં પણ ખરાબ ગણાવી હતી, જે સુપર ફ્લોપ હતી. તેમણે 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, મને દિલ્હી અને આસામના એ પત્રકારો પર દયા આવે છે જેમને સદીની સૌથી ફ્લોપ પત્રકાર પરિષદ સહન કરવી પડી. આ C-ગ્રેડ સિનેમા કરતાં પણ ખરાબ હતું. કહેવાતા રાજકીય ચતુર મુખ્યમંત્રી દ્વારા અત્યંત બુદ્ધિહીન અને બોગસ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા.

### સૂરજકુંડ રાઇડ...

પોલીસે જણાવ્યું હતું કે, રવિવારે પોસ્ટમોર્ટમ બાદ તેમનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો. ફરીદાબાદ પોલીસના પ્રવક્તા યશપાલે જણાવ્યું હતું કે, ''આ ઘટનાની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ) એ બે આરોપીઓની ધરપકડ કરી છે - હિમાચલ પ્રદેશના સિરમૌર જિલ્લાના રહેવાસી મોહમ્મદ શાકિર, જે આ વિશાળ ઝૂલાનું સંચાલન કરનાર 'હિમાચલ ફન કેર'ના માલિક છે અને ઉત્તર પ્રદેશના મેરઠના નિતેશ, જે શાકિર હેઠળ કામ કરતો હતો. અન્ય લોકોની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે.'' યશપાલે વધુમાં જણાવ્યું હતું કે, અકસ્માતમાં કુલ 12 લોકો ઘાયલ થયા છે અને તેમાંથી પાંચને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ રવિવારે સંબંધિત અધિકારીઓને મેળા અને અન્ય જાહેર કાર્યક્રમોમાં સુરક્ષાના ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.

### બેન્કિંગ ક્ષેત્ર...

ના કદ અને કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે, બજેટમાં પ્રથમ પગલા તરીકે પાવર ફાઈનાન્સ કોર્પોરેશન (PFC) અને રૂરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન(REC) ના પુનર્ગઠનનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે. વિલીનીકરણ અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, સંબંધિત મંત્રાલયમાં ઘણું કામ થયું છે. તેઓ આ અપેક્ષા સાથે આવ્યા છે, હવે જોઈએ કે તેઓ તેને કેવી રીતે અમલમાં મૂકે છે.

### 83000 શાળામાં...

જણાવાયું છે કે, UIDAI એ દેશભરની 83,000 શાળાઓમાં અભ્યાસ કરતા શાળાના બાળકો માટે એક કરોડથી વધુ ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ્સ (MBUs) પૂર્ણ કરવાનો સીમાચિહ્ન પાર કર્યો છે. UIDAI ના CEO ભુવનેશ કુમારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને સત્તામંડળની આ પહેલ વિશે પત્ર લખ્યો છે અને શાળાઓમાં કેન્દ્રિત MBU કેમ્પ આયોજિત કરવા માટે તેમના સહકારની વિનંતી કરી છે. નિવેદનમાં ઉમેર્યું છે કે, આ મિશન મોડ અભિયાન દેશની તમામ શાળાઓ આવરી લેવામાં ન આવે ત્યાં સુધી ચાલુ રહેશે. આ પહેલથી 83,000 શાળાઓના 1 કરોડ બાળકોને લાભ મળી ચૂક્યો છે અને હજુ ઘણા બાળકોને તેનો લાભ મળવાનો બાકી છે.